ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા.૧૮.૦૧.૨૦૧૮

-------------------

**પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં આજરોજ પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે ભાજપા ગુજરાત પ્રદેશ પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક યોજાઇ**

-------------------

પ્રદેશ પ્રવક્તાશ્રી ભરત પંડ્યાએ જણાવ્યું હતુ કે, આજરોજ પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં ભાજપા ગુજરાત પ્રદેશ પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક યોજાઇ હતી. આજની આ બેઠકમાં રાષ્ટ્રીય મહામંત્રીશ્રી ભૂપેન્દ્રજી યાદવ, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, કેન્દ્રિય મંત્રીશ્રી પરષોત્તમભાઇ રૂપાલા સહિતના પાર્લામેન્ટ્રી બોર્ડના સભ્યશ્રીઓ હાજર રહ્યા હતા.

આગામી ફેબ્રુઆરી મહિનામાં યોજાનાર **૦૨** જીલ્લા પંચાયતની **૧૧૦** બેઠકો, **૧૭** તાલુકા પંચાયતની **૪૩૬** બેઠકો અને **૭૫** નગરપાલિકાની **૨૧૧૬** બેઠકો આમ, કુલ મળીને **૨૬૬૨** બેઠકો પર ભાજપાના ઉમેદવારોની પસંદગી માટે તારીખ ૧૮ થી લઇને તારીખ ૨૦ જાન્યુઆરી સુધી પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠકો યોજાશે.

શ્રી પંડ્યાએ વધુમાં જણાવ્યું હતુ કે, આજની બેઠકમાં ખેડા જીલ્લા પંચાયતની **૪૪** બેઠકો, ખેડા જીલ્લાની **૦૫** નગરપાલિકા માટે **૧૩૬** બેઠકો, ખેડા જીલ્લાની **૦૨** તાલુકા પંચાયતની **૫૦** બેઠકો, વડોદરા જીલ્લાની **૦૧** નગરપાલિકા માટે **૨૮** બેઠકો, છોટાઉદેપુર જીલ્લાની **૦૧** નગરપાલિકા માટે **૨૮** બેઠકો તેમજ દાહોદ જીલ્લાની **૦૨** નગરપાલિકા માટેની **૫૨** બેઠકો માટેની પસંદગી પ્રક્રિયા હાથ ધરાઇ હતી. વિધાનસભાની ચૂંટણીઓ પછી યોજાનાર આ ચૂંટણીઓમાં પણ ભાજપાનો ભવ્ય વિજય થનાર છે. ગુજરાતની પ્રજાએ સતત છઠ્ઠીવાર ભાજપાને ગુજરાતની સેવા કરવાનો મોકો આપ્યો છે તે ઐતિહાસિક ઘટના છે.

આવતી કાલે તારીખ ૧૯મી જાન્યુઆરીએ તેમજ તારીખ ૨૦મી જાન્યુઆરીના રોજ પણ તબક્કાવાર બેઠકો યોજાશે અને ચૂંટણીઓને લગતી ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા હાથ ધરાશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર - મીડિયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ.૦૨ તા.૧૮.૦૧.૨૦૧૮

-------------------

**ઈઝરાયેલના વડાપ્રધાનશ્રી બેન્જામીન નેતાન્યાહુ અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ગુજરાતની મુલાકાત ઐતિહાસિક રહી, બંને વડાપ્રધાનશ્રીઓનો આભાર માનતા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી**

-------------------

**વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વિદેશનીતિના કારણે આજે સમગ્ર દુનિયાની નજર ભારત અને ગુજરાત પર છે**

-------------------

**વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વથી આર્થિક-સાંસ્કૃતિક-સામાજીક વિરાસતને કારણે ગુજરાત એ વિકાસનું વૈશ્વિક કેન્દ્રબિંદુ બન્યું છે**

-------------------

**વૈશ્વિક કક્ષાએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને મળતું સન્માન એ ૧૨૫ કરોડ ભારતવાસીઓનું સન્માન છે**

-------------------

**"વસુધૈવ કુટુંબકમ્"ની ભાવના અને "અતિથિ દેવો ભવ્"ના સિધ્ધાંતો સાથે ભારત સમગ્ર દુનિયાને પોતાની ધરતી પર આવકારી રહ્યું છે**

-------------------

પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતુ કે, ઈઝરાયેલના વડાપ્રધાનશ્રી બેન્જામીન નેતાન્યાહુ અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ગુજરાતની મુલાકાત ઐતિહાસિક રહી હતી. શ્રી વાઘાણીએ ગુજરાત મુલાકાત બદલ બંને વડાપ્રધાનશ્રીઓનો આભાર માન્યો હતો. સમગ્ર વિશ્વમાં મિત્રતાનો એક અનોખો સંદેશ આજે ભારતે પુરો પાડ્યો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વિદેશનીતિના કારણે આજે સમગ્ર દુનિયાની નજર ભારત પર છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વના અનેક ખંડ-ઉપખંડમાં પ્રવાસ કરીને વિશ્વના વિવિધ દેશો સાથે સંબંધો મજબૂત બનાવ્યા છે. ભારતની સાંસ્કૃતિક-સામાજીક વિરાસતને વિશ્વ સમક્ષ મુકી છે. આજે વૈશ્વિક કક્ષાએ ભારતની વાતને ધ્યાનપૂર્વક સાંભળીને તેની પર અમલ કરવામાં આવે છે. આર્થિક – સામાજીક – સાંસ્કૃતિક બાબતો પર આજે સમગ્ર વિશ્વ ભારત તરફ મીટ માંડીને બેઠું છે.

//૨//

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું હતુ કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના હૈયે હંમેશા ગુજરાતનું હિત વસેલુ છે ત્યારે, વૈશ્વિક નેતાઓ ગુજરાતના મહેમાન બની રહ્યા છે અને ગુજરાતની સાંસ્કૃતિક વિરાસત, ગુજરાતની પ્રજાનો પ્રેમ અને લાગણીનો અહેસાસ પામી રહ્યા છે. આ અગાઉ ગુજરાતમાં ચીનના રાષ્ટ્રપતિ જીનપીંગ અને જાપાનના વડાપ્રધાન શિંઝો આબે પણ પધારી ચૂક્યા છે. જાપાનના વડાપ્રધાનશ્રીએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાથે ઉપસ્થિત રહીને અમદાવાદથી મુંબઇ બુલેટ ટ્રેનના પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો અને ગઈકાલે ઇઝરાયેલના વડાપ્રધાનશ્રીએ આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાથે ઉપસ્થિત રહીને આઇ ક્રિયેટ સંસ્થાનું લોકાર્પણ કર્યું હતું. ઇઝરાયેલની ટેકનોલોજી સહાયથી થતી ખેતીનું અવલોકન કર્યું હતુ અને ખારા પાણીને મીઠા પાણીમાં ફેરવતી એક અત્યાધુનિક ટેકનોલોજીની ભેટ ગુજરાતના સરહદી વિસ્તારોમાં આપી હતી. નવી ટેકનોલોજીના ઉપયોગ થકી યુવાનોને રોજગારીની નવી તકો ઉપલબ્ધ થશે, પ્રજાના પ્રશ્નો અને સમસ્યાઓનો ઝડપી ઉકેલ આવશે, નવી ટેકનોલોજીના કારણે ભારત દુનિયા સાથે કદમથી કદમ મીલાવશે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના કારણે આજે ગુજરાત વૈશ્વિક કક્ષાએ વિકાસનું એક કેન્દ્રબિંદુ બન્યું છે. ઇઝરાયેલ અને ભારત સરકારે ૧૨ જેટલા વિવિધ ક્ષેત્રોમાં કરારો કર્યા હતા અને દરેક ક્ષેત્રે એકબીજાની પડખે ઉભા રહીને વિશ્વમાં મૈત્રીનો સંદેશ આપ્યો હતો. ''વસુધૈવ કુટુંબકમ્''ની ભાવના અને ''અતિથિ દેવો ભવ્''ના સિધ્ધાંતો સાથે ભારત સમગ્ર દુનિયાને પોતાની ધરતી પર આવકારી રહ્યું છે. આમ, આજે વિશ્વમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળ ભારતને એક અલગ જ પ્રકારની ઓળખ મળી રહી છે.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું કે, દેશની ૧૨૫ કરોડ જનતાએ ભાજપ પર જે વિશ્વાસ મુક્યો છે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની ગરીબલક્ષી પ્રજાકલ્યાણનીતિઓને સમર્થન આપ્યું છે તેના પરીણામો આજે સમગ્ર દેશ જોઇ રહ્યો છે. વૈશ્વિક કક્ષાએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીને મળતું સન્માન એ ૧૨૫ કરોડ ભારતવાસીઓનું સન્માન છે. વડાપ્રધાનશ્રીએ વિશ્વના અનેક દેશોમાં પ્રવાસ કરીને વૈશ્વિક નેતાઓને ભારત દર્શનના આમંત્રણ પાઠવ્યા છે. તેમના આમંત્રણને માન આપીને વૈશ્વિક નેતાઓ અવાર – નવાર ભારતમાં આવી ભારતનો સાંસ્કૃતિક વારસો, સામાજીક વ્યવસ્થા, વિશ્વની સૌથી મોટી લોકશાહી અને વિશ્વમાં સૌથી ઝડપી વિક્સી રહેલી અર્થવ્યવસ્થાના સહભાગી થવા કરારો કરે છે. ભારત સાથે વ્યાપાર-વિનિમય કરવા અને રોકાણ કરવા સમગ્ર વિશ્વ આજે ઉત્સાહિત છે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર - મીડિયા વિભાગ